# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૬ તા.૧૬-૪-૧૮

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- નેત્રહીન અને વિકલાંગ કર્મચારીઓ/અધિકારીઓ માટે કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષા માટેના કેન્દ્રોને માન્યતા આપવા બાબત.

સંદર્ભ :- ગુજરાત સરકાર, સામાન્ય વહીવટ વિભાગ ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૦૬-૧૧૮૦-ક સચિવાલય, ગાંધીનગર.તા.૧૭-૧૧-૧૭.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકોને ઉપરોકત વિષય અને આ સાથે સામેલ સંદર્ભિત પત્ર અન્વયે જણાવવાનું કે નેત્રહીન અને વિકલાંગ કર્મચારીઓ/અધિકારીઓ માટે કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+પરીક્ષા માટેના કેન્દ્રોને માન્યતા માન્યતા આપવામાં આવેલ છે.જેની જાણ સ્ટાફમાં નેત્રહીન અને વિકલાંગ કર્મચારીઓ/અધિકારીઓને કરવી.

તા.૧૬-૪-૧૮

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

નેત્રહીન અને વિકલાંગ કર્મચારીઓ/ અધિકારીઓ માટે કોમ્પ્યુટરકૌશલ્યની C.C.C./C.C.C.+ પરીક્ષા માટેના કેન્દ્રોને માન્યતા આપવા બાબત.

ક્રમાંક........ શાખા........ 22 615246

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૦૬-૧૧૮૦-ક
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૧૭-૧૧-૨૦૧૭

વંચાણે લીધા :-

(૧) સામાન્ય વહીવટ વિભાગનું તા. ૩૦-૯-૨૦૦૬ નું જાહેરનામું ક્રમાંક:જીએસ-૨૦૦૬-૩૧-ખતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-ક

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦-૯-૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક :પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક

(૩) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૨૦-૫-૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૦૬-૧૧૮૦-ક

(૪) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તા.૧૦-૧૦-૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક : ટીઆરજી-૧૩૨૦૦૯-UOR-94/ આઇટી

ઠરાવ:-

સામાન્ય વહીવટ વિભાગના ઉપર સંદર્ભ-(૧) આગળના તારીખ ૩૦-૯-૨૦૦૬ ના જાહેરનામાથી બહાર પડાયેલ "કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો-૨૦૦૬ " ની જોગવાઇઓ હેઠળ રાજય સરકારના કર્મચારીઓ/અધિકારીઓ માટે સીધી ભરતી / બઢતીથી નિમણૂંક પ્રસંગે, કોમ્પ્યુટર કૌશલ્યની C.C.C./C.C.C.+ ની પરીક્ષા પાસ કરવાનું ફરજીયાત બનાવાયેલ છે. અને સામાન્ય વહીવટ વિભાગના ઉપર સંદર્ભ-(૨) આગળના તા. ૩૦-૯-૨૦૦૬ ના ઠરાવથી "કોમ્પ્યુટર કૌશલ્ય" ની તાલીમ અને પરીક્ષા માટેની કાર્ય પદ્ધતિ નકકી કરવામાં આવી છે.

૨. ઉપર સંદર્ભ-(૩) સામેના સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૦-૦૫-૨૦૧૭ ના ઠરાવથી, તેની સાથે સામેલ પરિશિષ્ટમાં ઉલ્લેખિત પાંચ ખાનગી સંસ્થાઓને, નેત્રહીન અને વિકલાંગ સરકારી કર્મચારીઓ/ અધિકારીઓને કોમ્પ્યટર કૌશલ્યની C.C.C./C.C.C.+ ની પરીક્ષા લેવા માટેના કેન્દ્રો તરીકે તા.૩૦-૬-૨૦૧૭ સુધી માન્યતા આપવાના હુકમો કરવામાં આવેલ.

... ઉપરાંત ઉકત પાંચ ખાનગી સંસ્થાઓને, નેત્રહીન અને વિકલાંગ કર્મચારીઓ / અધિકારીઓ માટે, નીચેની શરતોને આધિન આથી પરીક્ષા કેન્દ્રો તરીકેની માન્યતા આપવામાં આવે છે.

(૧) આ માન્યતા તા. ૩૧-૧૨-૨૦૧૮ સુધીની મુદત માટે આપવામાં આવે છે.

(૨) આ સંસ્થાઓએ સ્પીપા / આઇ.ટી.આઇ. / ગુજરાત ટેકનિકલ પરીક્ષા બોર્ડ દ્વારા જે અધિકારીના નામનું સૂચન કરવામાં આવે તેમના નિરીક્ષણ અને સુપરવિઝન હેઠળ પરીક્ષાનું આયોજન કરવાનું રહેશે.

(૩) આ સંસ્થાઓએ આ પરીક્ષાના સંચાલન માટે સ્પીપા / આઇ.ટી.આઇ. / ગુજરાત ટેકનિકલ પરીક્ષા બોર્ડના જે માનવ સંસાધનની સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે, તેઓને મળવાપાત્ર ભથ્થાઓની ચૂકવણી કરવાની રહેશે.

૪: આ સંસ્થાઓને સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦-૯-૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક, થી નિયત કરાયેલ પરીક્ષા ફી ચૂકવવાની રહેશે તથા આ પરીક્ષા બાબતે ઉકત ઠરાવ તથા ત્યારબાદના વખતો વખતના હુકમોથી પ્રસિધ્ધ કરાયેલ અન્ય સૂચનાઓ લાગુ પડશે.

૫. સચિવાલયના સર્વે વિભાગને ઉકત સૂચનાઓ તેમના વહીવટી નિયંત્રણ હેઠળના સર્વે ખાતાના વડાઓ / કચેરીના વડાઓના ધ્યાન પર લાવવા અને તેનું ચુસ્ત પાલન થાય તે જોવા જણાવવામાં આવે છે. (સંબંધિત ખાતાના વડાઓ અને કચેરીના વડાઓએ આ સૂચનાઓ તેમના વહીવટી નિયંત્રણ હેઠળના અધિકારી/કર્મચારીઓના ધ્યાને લાવવાની રહેશે.)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.એચ.મનસુરી)
નાયબસચિવ
સામાન્ય વહીવટ વિભાગ

ક્રમાંક: પરચ-૧૩૨૦૧૭/૨૭૦૫/વ.૨
શિક્ષણ વિભાગ .
સચિવાલય,ગાંધીનગર
તા.૧/૧૨/૨૦૧૭

પ્રતિ,

- નકલ જાણ અને જરૂરી કાર્યવાહી સારૂ રવાના-
- સર્વે સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી શિક્ષણ વિભાગ સચિવાલય ગાંધીનગર
- શિક્ષણ વિભાગ હસ્તકના સર્વે ખાતાના વડાઓ તરફ નકલ કાર્યવાહી સારૂ રવાના.

આપનો વિશ્વાસુ

(એમ.બી.શાહ)

ક્રમાંક: પ્રાશિનિ/નીતિ/૨૦૧૮/ક/૨૪૩૯-૯૨
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડો.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર તા. ૦૯/૦૪/૨૦૧૮

સા.વ.વિ.ના તા.૧૭-૧૧-૨૦૧૭ ના ઠરાવ અન્વયે જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

(એમ. કે. રાવલ)
નાયબ શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ, તમામ.
શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, તમામ.

પરિશિષ્ટ

સામાન્ય વહીવટ વિભાગના તા:૧૧-૩-૨૦૧૩ ના ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૦૬-૧૧૮૦-ક સાથેનું બિડાણ.

| ક્રમ | સંસ્થાનું નામ અને સરનામું. | ઝોનનું નામ | ઝોનમાં સમાવિષ્ટ જિલ્લાઓ |
|---|---|---|---|
| ૧. | અંધજન મંડળ, ડૉ. જગદીશ પટેલ ચોક, સુરદાસ માર્ગ, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫ | મધ્ય ઝોન | અમદાવાદ, ખેડા, આણંદ, ગાંધીનગર, મહેસાણા અને સાબરકાંઠા |
| ૨. | અંધજન કલ્યાણ ટ્રસ્ટ, સ્ટેશન રોડ, મું.પો.તા. ધોરાજી, જિ. રાજકોટ | પશ્ચિમ ઝોન | રાજકોટ, જામનગર, પોરબંદર, જુનાગઢ, ભાવનગર અને અમરેલી. |
| ૩. | બ્લાઇન્ડ વેલફેર કાઉન્સિલ, પંચમુખી હનુમાન મંદિર સામે, મંડાવ રોડ, દાહોદ | પૂર્વ ઝોન | દાહોદ, પંચમહાલ, વડોદરા, ભરૂચ અને નર્મદા. |
| ૪. | રાષ્ટ્રીય દ્રષ્ટિહીન કલ્યાણ સંઘ, વલસાડ જિલ્લા શાખા, નાનકવાડા રોડ, દત્ત મંદિર પાસે, વલસાડ | દક્ષિણ ઝોન | સુરત, વલસાડ, તાપી, ડાંગ અને નવસારી. |
| ૫. | વિકલાંગ વિદ્યાવિહાર, મું.પો. માધાપર, કચ્છ-ભૂજ | ઉત્તર ઝોન | કચ્છ, સુરેન્દ્રનગર, બનાસકાંઠા અને પાટણ. |